INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૪-૦૬-૨૦૨૪**

લોકસભા પરિણામો બાદ રાજીવ ગાંધી ભવન ખાતેથી વ્હાલા ગુજરાતીઓનો આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણી દરમ્યાન મારા વ્હાલા ગુજરાતીઓએ પ્રેમ, આર્શીવાદ, સમર્થન મળ્યું છે. અંગ્રેજીમાં કહેવાય છે કોઈપણ સ્પર્ધા થાય ઈક્વલ લેવલ ઓફ પ્લેઈંગ તમામ તક અને સમાન વ્યવસ્થા મળવી જોઈએ તોજ સાચી-સ્પર્ધા કહેવાય. લોકશાહીની આપણા બંધારણમાં વિશેષ જોગવાઈ કરી છે કે ચૂંટણી જાહેર થાય પછી વડાપ્રધાન પક્ષના નેતા પણ એક સરખી લાઈનમાં આવે અને કોઈ વિશિષ્ટ સેવા ના મળે પરંતુ ભાજપએ આ ચૂંટણીમાં, ઈક્વલ લેવલ ઓફ પ્લોઈંગ ફી, સમાન રીતે લડી શકીએ એવું ન રહેવા દઈને લોકશાહીને કલંકિત કર્યુ, કોંગ્રેસ પક્ષ લોકોના આશીર્વાદ થી બેન્કમાં એકાઉન્ટમાં પૈસા હતા ને આ ચૂંટણી કોંગ્રેસ પણ સારી રીતે લડી શક્યા હતા, ચૂંટણી જાહેર થઈ ત્યારે એક ન ટકે એવું કારણ ૨૦૧૭-૧૮ કોંગ્રેસ પક્ષના સાંસદ સભ્યએ ૧૪ લાખ ૫૬ હજાર તમને રોકડા કેમ આપ્યા ? એમ કહીને ૧૧ એકાઉન્ટમાં જે નાણાં હતા તે ખાલસા કર્યા. અમારી ફીક્સ ડીપોઝીટ હતી, તે ફ્રીઝ કરી દીધી અને ભાજપ એ એમ માન્યું કે કોંગ્રેસ પક્ષ પાસે પૈસા જ નથી, અને સામાપક્ષે કરોડો રૂપિયાના ઈલેક્શન બોન્ડ, ભલુ થજો સુપ્રીમકોર્ટનું જેમણે ભાજપનો ભ્રષ્ટાચાર બહાર પાડ્યો, ભાજપ પાસે સત્તાવાર ૮૨ અબજ બાવન કરોડ રૂપિયા, કોંગ્રેસ પક્ષ બાજુ એક રૂપિયો નહી અને બીજી બાજુ ૮૨ અબજ બાવન કરોડ રૂપિયા, રૂપિયા વિના આ કોંગ્રેસ કેવી રીતે ચૂંટણી શકશે ? સલામ કરીશ મારા વ્હાલા ગુજરાતીઓને એમણે જે સમર્થન આપ્યું છે જેના કારણે ભાજપ અહંકાર તુટ્યો ભાજપ શું કહેતું હતું પહેલા કોંગ્રેસને ઉમેદવાર જ નહી મળે, પછી કહેવાનું ચાલુ કહ્યું ઉમેદવાર મળશે પણ પાછા ખેંચાઈ જશે અથવા રદ થઈ જશે. પછી કહ્યું કે ૨૬માંથી ૨૬ બેઠકો ૫-૫ લાખ મતોથી જીતી જઈશું, કોંગ્રેસ વાળાની ડીપોઝીટ જપ્ત થઈ જશે, **હું નમન કરીશ ગુજરાતના મતદારોને કે જેમણે ભાજપના અહંકારને તોડ્યો છે.** એક-બે સીટ સિવાય ક્યાંય ૫ લાખથી વધુ લીડ ન થઈ શકી. મજબુતીથી કોંગ્રેસ તમામ લડી વિશેષ **આભાર બનાસકાંઠા મતદારોનો, બનાસની બેન અમારી બેન ગેનીબેનને સંસદનો અવાજ દેશનો અવાજ બનાવી છે,** હું સ્વીકાર કરુ ૨૦૧૪ અને ૨૦૧૯માં અમે શૂન્ય પર રહ્યા હતા પણ દેશની સાથે ગુજરાતની જનતાએ અપેક્ષા રાખી હતી અને લીડ પણ બધે મળેલી **ભાજપના અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાએ કરી છે લોકતંત્રને જીવંત રાખવાની શરૂઆત બનાસકાંઠાએ કરી છે** આ એક ટ્રેલર છે આગળ પુરૂ મુવી આવશે. લોકશાહી વ્યવસ્થામાં મને પુરો વિશ્વાસ છે સત્તા પડાવી લેવાનો આ સંઘર્ષ નથી સેવાની સાધના માટેનો આ પુરુષાર્થ છે, હું અભિનંદન આપીશ કોંગ્રેસના મારા કાર્યકર્તાનો એક-બે સ્વાર્થમાં કોઈ બેસવાના એ આંગળી ના વેઢે ગણાય નમન કરીશ મારા કોંગ્રેસના કાર્યકરોનો આટલા વર્ષથી સત્તા નથી આ વખતે પૈસા નહોતા પણ કાર્યકર્તાઓ પોતાના પૈસા વાપર્યા અને ઉમેદવારનું કામ કર્યુ છે. આ બતાવે છે. આ અમારી મુડી અને તાકાત છે. આ વિજય બનાસકાંઠાનો થયો છે ગુજરાતમાંથી એક સારી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ટકાવારીમાં ખુબજ ઉપર ગયા છે. તેનો યશ ગુજરાતીની સમજણ મારા કાર્યકર્તાની મહેનત તથા મારા નેતાઓની એકતાને જાય છે. એના યશ આ ટીમને જાય છે. સૌને પણ મારા તરફથી અભિનંદન પાઠવું છું. આવતા દીવસોમાં આજરીતે કામ કરતા રહીશું. મારા પક્ષના બધા ઉમેદવારોએ મજબુતીથી ચૂંટણી લડ્યા છે. એને સલામ કરુ છું. એમણે સહજપણે મગજ પર હારી જશે શુ થશે તેવો ભાર રાખ્યા વિના તમામ જગ્યાએ મજબુતિથી તમામ ઉમેદવારો લડ્યા છે હાર કે જીત કરતા સામે અનેક મુશ્કેલીઓ, વિઘ્નો સામે ગમે તેટલી મોટી તાકાત હોય મજબુતીથી મન મક્કમતાથી સત્યના માટે સિધ્ધાંત માટે માણસ લડે છે. એમનો ઈતિહાસ બને છે. બનાસકાંઠા શરૂઆત કરી છે પાટણ બહુ ઓછા મતોથી હાર્યા, છેક સુધી લીડમાં રહેલી સીટ છેલ્લે તકલીફમાં આવી અન્ય જગ્યાએ જુના આંકડાનો ઘણો ગ્રાફ ઉંચે ગયો છે. ઈન્ડિયા ગઠબંધનના સાક્ષીઓનો ખુબ હૃદયપૂર્વક આભાર માનું છું. 'દલો કા નહી દીલો કા મીલન હૈ' એવી રીતે આખા દેશમાં ચૂંટણી લડાઈ છે એ માટે સૌનો આભાર માનું છું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા